

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

દોડે છે આંખલા, ચરણ ચાંપી ચડે, જલ્લીકટુ!
આંખની શરમ વિના, પાછળ પડે જલ્લીકટુ!
સત્તાને નડે, શીંગડાં ભરાવે, લડે જલ્લીકટુ!
રડે માર ખાઈને, ફેંકાઈને સડે જલ્લીકટુ!
(આવા જલ્લીકટુ પર બાન મૂકો!)

હાઈકુ

કોઈ, કોઈને -
પછાડે ઈ જોવાની -
લોકો ને મજા?!
(જલ્લીકટુ!)

થવું છે એને -
- વિશ્વમાં દયા-પાત્ર,
માર ખાઈને?!
(શહીદી-સસ્તી?!)
(જલ્લીકટ્ટુ)

### ચિંતન

*અર્થ એવ પ્રધાન ઈતિ કૌટિલ્યઃ,*
*અર્થમૂલૌ હિ ધર્મકામાવિતિ ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્ય મેન્ટમાંથી લેવામાં આવેલ છે.

આચાર્ય કૌટિલ્યના મત પ્રમાણે ધર્મ, અર્થ અને કામ - એ ત્રણેમાં અર્થની જ પ્રધાનતા છે. ધર્મ અને કામ અર્થ પર જ આધારિત છે.

રાજય વ્યવસ્થા હોય કે કુટુંબ વ્યવસ્થા તેનો પાયો અર્થ વ્યવસ્થા પર જ ટકેલો હોય છે. જે સંસ્થા આર્થિક રીતે સધ્ધર નથી હોતી તેનું આયુષ્ય ટૂંકું હોય છે. આર્થિક રીતે પગભર ન રહી શકનાર વ્યક્તિ કે સંસ્થા એક પણ આર્થિક પ્રવૃત્તિ સફળતાપૂર્વક કરી શકતી નથી. કુટુંબ આર્થિક રીતે સધ્ધર હશે તો એના બધા સભ્યો પોતાના કાર્યો વ્યવસ્થિત રીતે કરી શકશે. આથી જ ચાણક્ય ધર્મ, કામ અને અર્થમાં અર્થની પ્રધાનતા સ્વીકારે છે.

### સુવિચાર

- કર્તવ્ય રૂપેરી છે, મૌન સોનેરી છે, શબ્દમાં નિર્બળતા છે, મૌનમાં શક્તિ છે - **રજનીશ**
- જે માણસને સદ્‌ગુણોની પરખ હોય, દુર્ગુણોને ત્યજવાની તાકાત હોય સદ્‌ગુણોનું સહજ આચરણ હોય તે માણસ 'શીલવાન' કહેવાય - **ભાણદેવ**
- નિષ્ફળતાઓ ય મળવી જોઈએ, સફળતાનો અર્થ છે સમાપ્તિ - **ડો. હંસલ ભચેચ**
- આપણા પ્રેમનો પરિચય એ કે, આપણે બીજા માટે શું સહી શકીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રાયશ્ચિતના ત્રણ પગથિયાં છે : આત્મગ્લાનિ, પરીથી પાપ ન થાય એવો દૃઢ નિર્ધાર અને આત્મશુદ્ધિ - **ઉમાશંકર જોશી**
- મારી નિષ્ઠા જો સંપૂર્ણ હોય તો પછી મારે સારા દેખાવાની જરૂર નથી, દેખાવ કરતાં હું જે હોઉં એ વધુ ઉત્તમ છે - **સોક્રેટીસ**
- આજનું ઔષધ : સૂંઠ ને તલના તેલમાં ભેળવી ખાલી પેટ પીવાથી શરીર પરનો મેદ ઉતરે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

વાચનની ભૂખ હોય અને માતૃભાષા તરફ પ્રેમ-વાત્સલ્યની લાગણી હોય તો રણમાં પણ પુસ્તક વીરડી બની અંતઃકરણની તૃષા છીપાવે છે.

શિકાગોની બાજુમાં નાનું - બે હજારની વસતિનું હોબાર્ટ નામનું ગામડું - ત્યાં ગુજરાતી વીસ કુટુંબ રહે - એમાં એક પરિવારમાં સંજયભાઈ રાવલ - (તક્ષશિલા બુક સ્ટોલના માલિકના ભાઈ) ત્યાં કોઈ પરિવારના મહેમાન તરીકે ગયા.

સંજયભાઈએ લાઈબ્રેરી જોઈ - થયું પુસ્તકોની સંખ્યા મર્યાદિત જ હશે લાવ આંટો મારી જોઈ લઉં. ત્યાં તો આશ્ચર્ય વચ્ચે જોયું કે એક આખો કબાટ ગુજરાતના ઉત્તમ અક્ષરોના પુસ્તકથી ભરેલો હતો. ગુજરાતી પુસ્તકો જેમાં ગોવર્ધનરામ, ગુણવંતભાઈ, ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણી, ચંદ્રકાન્ત બક્ષી વગેરેના પુસ્તકો હતા.

શ્રી રાવલ લાઈબ્રેરી પાસે ગયા અને ગુજરાતી પુસતકો કેમ છે? એ પૂછ્યું, ગ્રંથપાલે કહ્યું, અમારા ગામમાં ગુજ્જુ વીસ પરિવાર છે તેમની ફરમાઈસથી અમે દર વર્ષે થોડાં પુસ્તકો મંગાવીએ છીએ અને ખૂબ વંચાય પણ છે.

# ઓબામાનું માનવતાવાદને સમર્થન

**તંત્રીસ્થાનેથી...**

ઈ.સ. ૨૦૦૮થી સળંગ આઠ વર્ષ સુધી અમેરિકાની રાજયધુરા સંભાળી નિવૃત્ત થઈ રહેલા પ્રેસિડેન્ટ બરાક હુસેન ઓબામાએ છેલ્લી પત્રકાર પરિષદમાં એમના માનવતાવાદી અભિગમનો અણસાર આપી વિશ્વની શ્રેષ્ઠ ગણાતી લોકશાહીમાં વંશીય ગણતરીઓ પર આધારિત રાજકારણ સામે સ્પષ્ટ આક્રોશ રજૂ કર્યો છે. એમના સ્થાન પર ૨૦ જાન્યુઆરીની સ્વારથી 'વ્હાઈટ હાઉસ'નો કબજો સંભાળનારા ડોલાન્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિની ચૂંટણી જીતવા માટે વંશીય રાજનીતિ ઉપરાંત સંકુચિત રાષ્ટ્રવાદનાં હાથવગાં હથિયાર અપનાવી ઉદાર મતવાદી ડેમોક્રેટ ઉમેદવાર હિલેરી ક્લિન્ટરને શિકસ્ત આપી હતી. ઓબામા શાસનનાં આઠ વર્ષના વહીવટ સામે ટ્રમ્પનું ખરડાયેલું ચરિત્ર અને હાલકડોલક વિચારસરણી તથા પ્રજાના એક વગદાર સમુદાય દ્વારા ચૂંટાયા બાદ પણ થતો રહેલો સતત વિરોધ અમેરિકા જેવી વિશ્વસત્તા માટે એક મસમોટો પડકાર પણ છે જ. ઓબામાને અમેરિકાના ઈતિહાસમાં ચૂંટાયેલા પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિ તરીકે જ નહીં બલકે વિશ્વના અન્ય દેશો સાથે ભાવના અને સદ્‌ભાવનાપૂર્ણ સંબંધો સુનિશ્ચિત કરનારા રાષ્ટ્રપતિ તરીકે પણ યાદ કરવા પડશે. રશિયા સાથેના સિરિયા મુદ્દે ઊભા થયેલ મતભેદોને બાદ કરતાં ઓબામા લગભગ 'અજાતશત્રુ' કહી શકાય એવા વૈશ્વિક નેતા તરીકે ઊપસ્યા છે, તે સ્વીકારવું જ રહ્યું. એમણે છેલ્લી પત્રકાર પરિષદમાં અમેરિકાની વૈશ્વિક લોકશાહી તરીકેની ઈમેજ જળવાઈ રહેશે એવી શ્રદ્ધા વ્યક્ત કરી છે. અમેરિકા કોઈ એક કોમની જાગીર નથી, તે મુદ્દાનું પ્રતિપાદન કરતાં ઓબામાએ શુભેચ્છા વ્યક્ત કરી છે કે ભવિષ્યમાં અમેરિકાને કોઈ હિંદુ, યહૂદી કે લેટિન અમેરિકન રાષ્ટ્રપતિ પણ મળી શકે. આટલા ખુલ્લા વિચારો છતાં તેઓએ અમેરિકાને કયારેક મુસ્લિમ રાષ્ટ્રપતિ પણ મળી શકે એવું વિધાન કરી શક્યા નથી, એની પાછળનું રહસ્ય છે કે એ ખુદ ઓબામાના પિતા મુસલમાન હતા. ત્યકતા માતા ખ્રિસ્તી હોઈ એમને ખ્રિસ્તી તરીકેની ઓળખ જાળવી, પરંતુ એ અશ્વેત તો રહ્યા જ. અમેરિકાની ઉદાર મતવાદી પ્રજાએ એમના મુસલમાન ગોત્ર કે કાળા રંગને નજરઅંદાજ કરીને એમની ગુણવત્તા પર જ એમને પ્રમુખપદ સોંપ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પ પાસે આ જ મુદ્દો ગોરી બહુમતીને બહેકાવવા માટેનું ટ્રમ્પકાર્ડ બની ગયું હતું. વિદાય લેતા કાળા રાષ્ટ્રપતિએ અમેરિકાના યાદગાર રાષ્ટ્રપતિઓની યાદીમાં પોતાનું નામ કોતરાવી દીધું અને ડાઘ વગરની સૂર્યોજજવલ કારકિર્દી સાથે વિદાય થયા છે. એમણે છેલ્લે છેલ્લે ભારતના વડાપ્રધાન સાથે શુભેચ્છા-ફોન કરીને ભારતની મહત્તાનો પણ સ્વીકાર્ય કર્યો છે. ઓબામાની સરખામણીમાં નવા રાષ્ટ્રપતિ ટ્રમ્પનું 'અમેરિકા ફર્સ્ટ' સૂત્ર ભારત સાથેના સંબંધોમાં કેવા રંગ લાવશે તેની રાહ જોઈ જ રહી.

# પરિશ્રમનો બચાવ કરનારાં કહેવાતા યંત્રોની ઘેલછા સામે ગાંધીનો ઝઘડો



**ગાંધી ૧૦૦**
ડો. રાજેન્દ્ર જાની

ગાંધી યંત્રોના વિરોધી ન હતા. જરૂરી જણાય તેટલે અંશે યંત્રોને સ્થાન આપવું જોઈએ પરંતુ યંત્રને માનવીના આવશ્યક પરિશ્રમનું સ્થાન લેવા દેવું જોઈએ નહીં એમ ગાંધીજી સ્પષ્ટ માનતા હતા. તેમને એ સમયે સુધારવામાં આવેલા યાંત્રિક હળને સારી વસ્તુ ગણાવી હતી પરંતુ એ સાથે તેમણે કહ્યું હતું કે કોઈ અણધારી યાંત્રિક શોધ દ્વારા હિંદની બધી જમીન ખેડી શકે અને ખેતીની સઘળી પેદાશ ઉપર પોતાનો કાબુ જમાવે તથા કરોડો લોકોને માટે બીજો કસો રોજગાર રહે નહીં તો તેઓ ભૂખે મરશે અને આળસુ રહેવાને કારણે ઠોઠ થઈ જશે. યંત્રોના શોધકરણના એ શરુઆતના સમયમાં પણ ઘણા લોકો યંત્રના ઉપયોગના કારણે શ્રમજીવન છૂટી ગયું હોઈ આળસુ બની ઠોઠ બની ગયા છે એવો ઉલ્લેખ તેઓ કરે છે ઉપરાંત ભવિષ્યમાં બીજા અનેક લોકો આળસ અને ઠોઠ બની જવાની દુર્દશામાં મૂકાઈ જશે એવું હરપળે જોખમ રહેશે એમ વર્ણવે છે.

> **હાથના પરિશ્રમને સ્થાનભ્રષ્ટ કરવો એ ગુનો છે**

ગાંધી સમાજજીવનની સમજણ પામેલા સજ્જન હતા. ભારતની વસ્તી, ધંધા-વ્યવસાય સાથેનું ભારતીયોનું ગ્રામજીવન, શિક્ષણ-રોજગાર અને બેકારી વગેરે તમામ પાસાંઓ બાબતે તેમને ઝીણું ઝીણું જોયું હતું. જાણ્યું હતું, સમજ્યું હતું અને આ બધાના સહારે પોતાની રીતે સમગ્ર સમાજને સમજાવ્યું હતું.

ગાંધી ખુદ કહે છે રોજિંદા જીવનમાં ઉપયોગી એવા ઘરઘથ્થું યંત્રોમાં દરેક પ્રકારના સુધારાને હું વધાવી લઉં, પરંતુ એની સાથે સાથે આપણે કરોડો ખેડૂતોને તેમને ઘરઆંગણે બીજા કોઈ રોજગાર આપવાને તૈયાર હોઈએ તે સિવાય નૈસર્ગિક શક્તિથી ચાલતી ત્રાકો દાખલ કરીને હાથમાં પરિશ્રમને સ્થાનભ્રષ્ટ કરવો એ ગુનો છે એમ હું સમજું છું એવી વાત કરતા પરિશ્રમ એ જ પારસમણિ એમ સરળ શબ્દોમાં સમજાવે છે.

મહાત્મા ગાંધી આમ યંત્રોના ઉપયોગ અને વસ્તીના કદ, સહિતની બાબતોને ધ્યાનમાં લઈને આખી બાબત સમજાવે છે. ગાંધીનો ઝઘડો યંત્રોની સામે હતો જ નહીં. તેઓ જ કહે છે 'મારો ઝઘડો યંત્રોની ઘેલછા સામે છે, યંત્રોની સામે નથી. પરિશ્રમનો બચાવ કરનારાં કહેવાતાં યંત્રોની ઘેલછા સામે મારો ઝઘડો છે.'

ગાંધીજી 'યંત્ર અને માનવ' વિશે લેખમાં દર્શાવે છે કે પરિશ્રમ દરજ્જે બચાવવા જાય છે. આખરે હજારો અને લાખોને બિચારાઓને ભૂખે ટળવળવું પડે છે, અને અંગ ઢાંકવાનું પણ કશું મળતું નથી. મારે સમય અને પરિશ્રમનો બચાવ જરૂર કરવો છે, પણ તો ખોબા જેટલા માણસોને માટે નહીં, સમસ્ત માનવજાતિ માટે; સમય અને પરિશ્રમનો બચાવ થાય ને ખોબા જેટલા લોક ધનાઢ્ય થઈને બેસે એ મને અસહ્ય છે - હું તો સૌનો પરિશ્રમ અને સમય બચે એ ઈચ્છું, સૌ ખાઈ શકે, અને પહેલી ઓઢી શકે એ ઈચ્છું, સર્વોદય ઈચ્છું. આજે યંત્રોને પરિણામે લાખોની પીઠ ઉપર ખોબા જેટલા લોકો સવાર થઈને બેઠા છે અને તેમને રગડે છે, કારણ એ યંત્રો ચલાવવા પાછળ લોભ રહેલો છે, ધનતૃષ્ણા રહેલી છે, જનકલ્યાણ નથી રહેલું.

સર્વના ઉદય માટે આજીવન અણથક મથામણ કરનાર મહાત્મા કહે છે, 'યંત્ર જયાં સુધી માણસના ઉપર હુમલો નથી કરતું ત્યાં સુધી સહ્ય છે, તે માણસને અપંગ નથી કરી મૂકતું. ત્યાં સુધી અસહ્ય છે. એટલે કેટલાંક યંત્ર ઉપયોગી રહેવાનાં જ. સિંગરનો સીવવાનો સંચો લો. એ અતિશય ઉપકારક વસ્તુઓમાંની એક છે અને એની શોધની આસપાસ કેવી પ્રેમશૌર્યની કથા રહેલી છે! સિંગરે પોતાની સ્રીને કપડાં ઉપર વાંકી વળી આખો દિવસે ધીમે ધીમે આંખ તાણતી, ટાંકા મારતી, સીવીને થાકીને લોથ થઈ જતી જોઈ. તે તેને સાલ્યા કીધું, અને આખરે તેણે પોતાના અતિશય પ્રેમના બળે કરીને સીવવાનો સંચો ઉત્પન્ન કર્યો. તેમ કરીને તેણે કેવળ પોતાની સ્રીની મહેનત બચાવી એટલું જ નહીં, દરેક જણની બચાવી.

મારે તો શ્રમની પરિસ્થિતિમાં ફેરફાર જોઈએ છે. સંપત્તિ માટેની ગાંડી દોડ બંધ થઈ જોઈએ અને મજૂરી કરનારને આજીવિકાની ખાતરી મળવી જોઈએ એટલું જ નહીં, તેણે કરવાનું કામ કેવળ માથાકૂટરૂપ ન રહે એની પણ તેને ખાતરી મળવી જોઈએ. આ સ્થિતિમાં યંત્ર તે ચલાવનારને તેમ જ રાજયને અથવા તેના માલિકને એકસરખી રીતે મદદરૂપ હોવું જોઈએ. આજની પાગલ દોડ બંધ થશે અને મજૂર (મેં કહ્યું છે તેમ) આકર્ષક અને આદર્શ પરિસ્થિતિમાં કામ કરશે. આ મારા મનમાં રહેલા અપવાદો પૈકીનો માત્ર એક અપવાદ છે.

(લેખક સમાજશાસ્રના અધ્યાપક છે.)

# મહાદેવભાઈ દેસાઈ : ગાંધીજીના ગણેશ અને હનુમાન



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

યરવડા જેલના બ્રિટીશ સરકારના કેદી મહાદેવને સર્વસત્તાધિશ કુદરતે જેલમુક્તિ સાથેજ આ દુનિયા પરથી પણ મુક્તિ આપી. જે દિવસ હિન્દુસ્તાન સદાકાળ ઉજવશે તેવું ભાવિ નિર્માણ થયેલું હતું એજ ૧૫મી ઓગસ્ટ (૧૯૪૨)નો એ દિવસ હતો. મહાદેવ ગયા તેનો ભારે રંજ જેલના દરેક સાથીઓને હતો. કસ્તૂરબા તો મહાદેવના મૃત્યુના આઘાતથી વિશેષ વિહવળ થયેલા જણાતા હતા. જીવનમાં હમેશા સમત્વ ધારણ કરનાર બાપુ પણ મહાદેવ દેસાઈના નિધનથી અસ્વસ્થ થયેલા જણાતા હતા. મહામના મહાદેવના મૃત્યુની આસપાસનું ઘટનાચક્ર વિસ્મયકારક છે. બાપુએ ''મહાદેવ, ઊઠો મહાદેવ !'' કહ્યા પછી પણ મહાદેવભાઈ નિશ્ચેતન સ્થિતિમાં પડી રહ્યા ત્યારેજ આ વિશ્વવંદનીય વિભૂતિને મહાદેવની કાયમી વિદાયના આકરા સત્યની જાણે કે પ્રતિતિ થઈ. સરકાર પોતાની કોઈ ગણતરી અનુસાર મહાદેવભાઈનું મૃત શરીર પરિવારજનોને આપવા માંગતી ન હતી. પોતાના પુત્ર સમાન મહાદેવની અંતિમક્રિયા બાબતમાં ગાંધીજી જેલના સત્તાવાળાઓને પૂછે છે :

''અહીં મારી સામે હું મૃતદેહને અગ્નિદાહ દઈ શકું ? જે મહાદેવ કોઈ દિવસ મને અગ્નિદાહ દેશે એવી આશા રાખીને હું બેઠો હતો તેને દાહ દેવાનો આજ મારો વારો આવ્યો. આખું જીવન એ મારો પુત્ર હતો. આજે હું એનો પુત્ર બન્યો છું.''

મહાત્માના શબ્દોમાં પ્રગટ થતી વેદનાએ સૌની આંખો ભીની કરી. અગ્નિદાહની તૈયારીઓ શરુ થઈ. મહાદેવ જેલના એક કેદી તરીકે મુત્યુ પામ્યા હતા એટલે ગાંધીજીએ મૃતદેહને જેલની ચાદરમાં વીંટવાનો આગ્રહ રાખ્યો. જેલના એક ભાગમાં સાફસૂફી કરાવી અંતિમ સંસ્કારની તૈયારી થઈ. મૃતદેહની નનામીને અંતિમ સંસ્કારના સ્થળે લઈ જવા ઊંચકવામાં આવી. મહાદેવના પુત્ર બનેલા ગાંધી પારંપારિક આગની દોણી (તોલડી) લઈને આગળ ચાલ્યા. કસ્તૂરબા બીમાર હતા તેમજ મહાદેવના મૃત્યુથી અત્યંત વ્યથિત થયેલા હતા. તેમના માટે દૂર એક ખુરશી મૂકવામાં આવી. તેઓ બે હાથ જોડીને વારંવાર આવા વેણ ઉચ્ચારતા હતા :

''ભાઈ, જ્યાં જાય ત્યાં સુખી રહેજે. તે બાપુની ઘણી સેવા કરી છે. બધાને તે સુખ પહોંચાડ્યું છે. તું પણ સુખી રહેશે.''

મૃતદેહ પર લાકડા ગોઠવાયા બાદ ગાંધીજી નજીક આવ્યા અને વહાલા મહાદેવના મુખનું અંતિમ દર્શન કર્યું. ગાંધીજીએ મહાદેવને મુખાગ્નિ દઈને પુત્રધર્મનું અક્ષરસઃ પાલન કર્યું. મુંગા બલિદાનની આવી અનેક ઘટનાઓ બની હશે ત્યારે આ દેશને સ્વતંત્રતા મળી હશે તેનો વિચાર કરતા મહાદેવભાઈ જેવા અગણિત મરજીવાઓ તરફ અંતરના ભાવથી નતમસ્તક થઈ જવાય છે. પ્રથમ તો સરકાર મહાદેવના મૃત્યુની વાત જાહેર ન થાય તેની વેતરણમાં હતી. ત્યારબાદ મહાદેવના મરણ અંગે સરકારે નાછૂટકે એક નાની નોંધ બહાર પાડી. સરકારની આ નાની નોંધના સમાચારથી સમગ્ર દેશ હલબલી ઊઠ્યો. મુંબઈના સુપ્રસિધ્ધ જન્મભૂમિ અખબારે આઠ કોલમનું મથાળું આપીને મહાદેવના મૃત્યુને ઉજાગર કર્યું. જન્મભૂમિએ લખ્યું : ''હે ઈશ્વર ! આ કારી ઘા ઝીલવાનું તારા સૌથી પ્યારા બંદા (ગાંધીજી)ને અને અમને બળ આપો.'' કોઈકે કહ્યું કે મહાદેવભાઈ ઓછું જીવ્યા. સુજાણ મહાત્મા આ વાતનો પ્રતિભાવ આપતાં લખે છે :

''મહાદેવનું કામ પૂરું થઈ ચૂક્યું હતું. મહાદેવે પચાસ વર્ષમાં સો વર્ષનું કામ કર્યું હતું. તે વધુ વખત શા સારું રહે ! ભગવાન તેને વધુ વખત શા સારું રહેવા દે ! કવિગુરુ ટાગેરે જીવનની સાર્થકતાને લઈને લખેલા થોડા શબ્દોનું મહાદેવભાઈએજ ભાવાંતર કર્યું હતું તેની સૌને સ્મૃતિ થઈ.

જીવને જે પૂજા પૂરી ન થાયે-
જાણું હું જાણું તેયે વ્યર્થ ન જાયે
જે કળી ખીલ્યા વિણ ઝરે છે
ધરણીએ
જે નદી મરુસ્થળે ખોવાઈ
જાયે-
જાણું હું જાણું તેયે વ્યર્થ ન
જાયે.

માત્ર અરધી સદીના અલ્પ આયુષ્યમાં એક સદીમાં પણ ન થાય તેવા ગાંધીજીના સચિવ મહાદેવભાઈ દેસાઈ વિશે આવી અનેક વાતો લખીને શ્રી નારાયણ દેસાઈએ આપણાં પર ઋણ ચડાવ્યું છે. મહાદેવભાઈનું જીવન તથા તેમની કાર્યનિષ્ઠા કોઈપણ કાળે પ્રેરણાના પ્રકાશ પાથરી શકે તેવી સમર્થ તથા સાત્વિક છે. '' અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ '' દરેક ગુજરાતીએ વાંચવી પડે તેવી ભવ્ય, ભાતીગળ અને ઘટનાપ્રચુર છે. દેશ જાન્યુઆરી માસમાં પ્રજાસત્તાક બન્યો એજ માસમાં નૂતન વર્ષના સૂર્યોદયની જેમ મહાદેવ દેસાઈનો જન્મ ૧૮૯૨ ના જાન્યુઆરીની પહેલી તારીખે તાપી નદીના વિસ્તારમાં થયો. દક્ષિણ ગુજરાતનો આ રમણીય છોડ ભાતીગળ વ્રક્ષ બનીને મહોરી ઊઠ્યો. ગાંધીજીની પ્રગટ કે ક્યારેક અપ્રગટ રહેલી ઈચ્છાનેજ કેન્દ્રમાં રાખીને મહાદેવભાઈએ બાપુને સેવ્યા. અનેક પ્રસંગોએ બાપુની ઈચ્છા કે આજ્ઞાની પરીપૂર્તિ માટે ઝેરના ઘૂંટડા પણ ગળે ઉતારીને મહાદેવે પોતાનું નામ સાર્થક કર્યું. ધન્ય કર્યું.

વિનોબાજીએ મહાદેવનું સ્મરણ કરીને યથાર્થ લખ્યું :

''લક્ષ્મણ વિના રામનું કામ થાત નહિ. આ વાત સમજીનેજ રામ લક્ષ્મણને વનમાં પોતાની સાથે લઈ ગયા હતા.'' ગોસ્વામીજીએ લખ્યું છે : રામના યશના ઝંડા માટે લક્ષ્મણ દંડ સમાન બન્યા. મહાદેવભાઈની આવીજ યોગ્યતા હતી તેમ વિનોબાજી કહે છે. બાપુના તમામ સદવિચારોને ગ્રહણ કરનાર મહાદેવ બાપુના અનેક નિર્ણયોના આધારસ્થંભ હતા. બાપુની અનેક વાતો દુનિયાએ મહાદેવના તટસ્થ અને હેતુલક્ષી લખાણો સિવાય ક્યાંથી મેળવી હોત ?

ગાંધીજીના મંતવ્યથી કોઈ અસંમતિનો વિચાર વ્યક્ત થાય તો તે બાબત પણ તટસ્થતાપૂર્વક મહાદેવભાઈ વિસ્તૃત રીતે ગાંધીજીના ધ્યાન પર મૂકતા હતા. મહાદેવભાઈના આવા ગુણની નોંધ રાજાજીએ કરી છે. મહાદેવભાઈનું સ્મરણ જીવનમાં એક નવી ચેતનાનો સંચાર કરી જાય છે. શ્રી ચી. ના. પટેલે મહાદેવભાઈને ''ગાંધીના ગણેશ અને હનુમાન'' કહીને થોડામાં ઘણું કહેલું છે.

જે જેલને મહેલ ગણી ગયો તો
તે મહેલમાં અંતિમ અસ્થિ તારાં
તપસ્વીના પાવનકારી આશિષો
લઈ શમ્યા શાશ્વત શાંતિ – ગોદમાં.

# ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય હસમુખ મેકવાનનું સન્માન



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

અસ્મિતા અભિવાદન સમિતિ, નડિયાદ, દ્વારા વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બજાવનાર, કર્મશીલોને નવાજવામાં આવે છે. તાજેતરમાં આવા એક સમારોહનું આયોજન નડિયાદ-જલાશય રિસોર્ટ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ ક્ષેત્રોમાં ઉમદા યોગદાન આપનાર ૫૦ કર્મશીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરનું ગૌરવ એવા અને ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય હસમુખ મેકવાનને નાટ્યકલા, રેડિયો, ટીવી અને સિનેમાક્ષેત્રે વિશેષ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, ખેડા-નડિયાદના સાંસદ દેવુસિંહજી ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. હરમુખ મેકવાનને મળેલ સન્માન એ નગર તથા ગાંધીનગર સાહિત્યસભા માટે ગૌરવપૂર્વ બાબત કહેવાય. હસમુખ મેકવાનને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને તથા શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના સંયુક્ત ઉપક્રમે કૉલેજ કેમ્પસ, પાટણ ખાતે સાહિત્યપ્રેમીઓની ઉપસ્થિતિમાં ગુજરાતી ભાષાના લબ્ધપ્રતિષ્ઠિત કવિઓનું એક કવિ સંમેલન યોજાઈ ગયું જેમાં અનિલ જોશી, માધવ રામાનુજ, રાજેન્દ્ર શુકલ, દલપત પઢિયાર, ભરત ભટ્ટ, વિષ્ણુ પટેલ, ચંદ્રેશ મકવાણા અને પીયૂષ ચાવડાએ સ્વરચિત કૃતિઓનું પઠન કર્યું હતું. ગાંધીનગરના ગઝલકાર અને ગાંધીનગર સાહિત્યસભાના કારોબારી સભ્ય કિશોર જીકાદરાએ પણ, ગઝલપ્રેમીઓમાં અવ્વલ દરજ્જો પોંખાતી તેમની સ્વરચિત ગઝલો રજૂ કરી હતી, જે ગઝલ રચનાઓ આ કવિ સંમેલનમાં કાબિલ - એ - દાદ રહી હતી. કિશોર જીકાદરાને ખૂબ શુભેચ્છાઓ.

● જાણીતા કવિ કમલ વોરાના ૨૦૧૨ના પ્રગટ થયેલા તેઓના કાવ્યસંગ્રહ 'અનેકએક' માટે, કેન્દ્રિય સાહિત્ય અકાદમી, દિલ્હીનો સને - ૨૦૧૬નો એવોર્ડ જાહેર થયો હતો.

● મૌલિક ત્રિવેદી સંપાદિત પ્રથમ પુસ્તક 'આપઘાતની ઘાત ટાળીએ' નું વિમોચન અને લોકાર્પણ સમારોહ અમદાવાદ ખાતે મહામહિમ રાજયપાલ ઓમ પ્રકાશ કોહલીજી અને માન. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાના હસ્તે યોજાઈ ગયો. આ પ્રસંગે વિચારયજ્ઞના આચાર્ય ગુણવંત શાહ - કટાર લેખક, વક્તા જય વસાવડા અને હાસ્યકાર શાહબુદીન રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન અને મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે સર્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા કાવ્યપઠન શિબિર યોજાઈ ગઈ. આ પ્રસંગે કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, વક્તા કવિ જિતેન્દ્ર વ્યાસનો પરિચય આપ્યો હતો. કવિ વ્યાસે કવિતા એટલે શું? કવિતાની શક્તિઓ કાવ્યમાં ધ્વનિ વિશે માહિતી આપી હતી અને સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું. કવિ અને સાહિત્ય અભિનંદનસહ શુભેચ્છાઓ.

● ગાંધીનગરની સંસ્થા 'શબ્દાયન'ના ઉપક્રમે ચાંદખેડા ખાતે 'શરદઋતુ' વિશેનાં કાવ્યોનું એક વિશિષ્ટ કવિ સંમેલન યોજાઈ ગયું. જેમાં પિનાકીન પંડ્યાના સંચાલનમાં ભાગ્યેશ, ભાનુપ્રસાદ પુરાણી, ભૂપેશ સાધુ, જસુભાઈ શ્રીમાળી, મણિલાલ, 'મિલન' વિનોદ ગાંધી, ડૉ. મહેન્દ્ર પંડ્યા વિગેરેએ પોતાની સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું.

● રાજકોટની પડખે આવેલ મુઠ્ઠી જેવડા 'મુંજકા' ગામે જેમનો જન્મ થયો હતો અને જેઓ આજીવન અપરિણિત રહી સાહિત્યની અપરંપરા વાતોનો અણખૂટ ખજાનો લૂંટાવનાર અને એક પછી એક સાહિત્યનું સર્જન કરી, સમાજને સમર્પિત કરનાર દેવીપુત્ર તખતદાન જેઓએ 'દાન અલગારી' ઉપનામ ધારણ કરી સાહિત્યનું સર્જન કર્યું છે તેઓ સાહિત્યના ગહન જ્ઞાનના કુંભસમા અને નાનામોટા રજવાડાઓમાં કલા ચાહકોમાં ભરપૂર માનસન્માન મેળવનાર એક તેજસ્વી તારલો ખરી પડ્યો. દાન અલગારીની રચના 'અલખધણીની ખોજમાં રેવું' નો શ્રદ્ધેય મોરારિ બાપુ લગભગ બધા સ્થળે કથા અને પ્રવચન વખતે ઉલ્લેખ કરે છે. તેવા દાન અલગારીએ 'દુહો દસમો વેદ'નું સંપાદન કર્યું છે જેનો અંગ્રેજીમાં અનુવાદ પણ થયેલ છે. તેઓએ 'કેય અલગારી દાન' સંગ્રહગ્રંથ બહાર પાડ્યો છે અને તેઓએ 'રત્નાકર' ત્રિમાસિક પણ શરૂ કરેલું. ગાંધીનગર સાહિત્ય સભા તરફથી પ્રમુખ ભરત કવિ, મૂર્ધન્ય સાહિત્યકાર દોલત ભટ્ટ અને ડૉ. અંદાબાન રોહડિયા વિગેરે સાહિત્યકારોએ હાજર રહી, પુણ્યાત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. લોકજીવનને સ્પર્શની કલાના ખેડૂની કલાયાત્રાને ભાવાંજલિસહ, સદ્‌ગતને શ્રદ્ધાસુમન અર્પણ.

- muljibhaidadhi@gmail.com